**વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ**

***15/4/1061 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો– ૨૦૧૩ હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) | વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના " અંતર્ગત માહે જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર–૨૦૨૩ દરમ્યાન કુલ ૬૬,૧૩૫.૭૦ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) | કેટલા પ્રમાણ –શા ભાવથી થી વિતરણ કરવામાં આવ્યું? | (૨) | માહે જાન્યુઆરી – ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે આ યોજના હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. |

(૧) માહે જાન્યુઆરી –૨૦૨૩ થી જુલાઈ – ૨૦૨૩ સુધી તથા માહે સપ્ટેમ્બર–૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી. (ઘઉં તથા ચોખા)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

(૨) માહે ઓગસ્ટ–૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામુલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામુલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧–૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |